Extra No. 201

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **MONDAY, JULY 27, 2026 / SRAVANA 05, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વિષય : ચૂંટણી ફરજ માટે નિમાયેલા ચૂંટણી અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ, ઝોનલ અધિકારીશ્રીઓ ખાસ ઝોનલ અધિકારીશ્રીઓ, રીઝર્વ ઝોનલ અધિકારીશ્રીઓ અને મદદનીશ ઝોનલ અધિકારીશ્રીઓને ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટની સત્તાઓ આપવા બાબત.

વંચાણમાં લીધા :-

(૧) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૫

(૨) સરકારશ્રીના ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંક: જીજી/૭૬/સીઆરપીસી/૩૨૧૨/૫૯૩/મ, તા. ૧૮/૧૦/૨૦૧૨

(૩) સરકારશ્રીના ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંક: જીજી-સીઆરસી-૩૨૯૯-૪૯૪૪ -મ, તા.૨૨/૦૯/૨૦૦૦

હુકમ

નં.એમએજી/૨/વશી/૨૩૦૯/૨૦૨૬.-વંચાણે લીધા આમુખ-(૧)થી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૫થી ખાસ વિસ્તાર માટે અથવા ખાસ કાર્યો બજાવવા માટે યોગ્ય લાગે તેટલી મુદત માટે ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટના અધિકાર આપવાની જોગવાઈ થયેલ છે.

આ બાબતે સરકારશ્રીના ગૃહ વિભાગના વંચાણે લીધેલ આમુખ-(૨) તથા (૩) ના જાહેરનામાંથી રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા મહાનગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતો અને નગરપાલિકાઓ જેવી સ્થાનિક સ્વરાજ્ય -સંસ્થાઓની ચૂંટણી જાહેર થાય ત્યારે જાહેરનામાંની તારીખથી મેજીસ્ટ્રીયલ પાવર ધરાવતા ન હોય તેવા તમામ ચૂંટણી -અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીઓ, ઝોનલ અધિકારીઓ ખાસ ઝોનલ અધિકારીઓ, રીઝર્વ ઝોનલ અધિકારીઓ અને મદદનીશ ઝોનલ અધિકારીઓ તરીકે નિમાયેલ અધિકારીશ્રીઓ/કર્મચારીઓને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી ધ્વારા તેમની જે વિસ્તાર અને નિશ્ચિત સમયગાળા માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૫ હેઠળ ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના તથા આ અધિનિયમની કલમ-૪૧,૧૦૮,૧૦૯,૧૪૮,૧૬૩ ના અધિકાર ચૂંટણી જાહેર થયા તારીખથી ચૂંટણી પુર્ણ થતા સુધીના સમયગાળા માટે ભોગવશે. આ અધિકારીશ્રીઓને કયા વિસ્તાર અને સમયગાળા માટે નિમણૂંક આપવી, તે અંગેનો નિર્ણય જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓએ કરવાનો રહેશે તેવું ઠરાવેલ છે.

ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ ધ્વારા તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત તથા મહાનગરપાલિકાઓ /નગરપાલિકાઓની -પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી કાર્યક્રમ તા.૦૩/૦૭/૨૦૨૬ થી જાહેર થયેલ છે. તે મુજબ આણંદ જિલ્લામાં ૨૭-પાળજ જિલ્લા પંચાયતની બેઠકની પેટા

ચૂંટણીનું મતદાન તા. ૨૮/૦૭/૨૦૨૬ ના રોજ થનાર છે. અને તેની મતગણતરી તા. ૩૦/૦૭/૨૦૨૬ ના રોજ થનાર છે. જે અંતર્ગત સંબંધિત મત વિસ્તાર માટે ચૂંટણી અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ, ઝોનલ અધિકારીશ્રીઓ ખાસ ઝોનલ અધિકારીશ્રીઓ, રીઝર્વ ઝોનલ અધિકારીશ્રીઓ અને મદદનીશ ઝોનલ અધિકારીશ્રીઓની નિમણૂંક કરવામાં આવેલ છે. તેઓને ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટના અધિકારો આપવા હુકમ કરવો જરૂરી છે.

સબબ હું, પ્રવીણ ચૌધરી (IAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ, ઉપરોકત વંચાણે લીધેલ આમુખ-(૧) તથા (૨)ની જોગવાઈ હેઠળ આણંદ જિલ્લામાં મતદાન વિસ્તારોમાં નિમણૂંક પામેલ ચૂંટણી અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી-અધિકારીશ્રીઓ, ઝોનલ અધિકારીશ્રીઓ ખાસ ઝોનલ અધિકારીશ્રીઓ, રીઝર્વ ઝોનલ અધિકારીશ્રીઓ અને મદદનીશ ઝોનલ અધિકારીશ્રીઓને ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના અધિનિયમની કલમ-૪૧, ૧૦૮, ૧૦૯, ૧૪૮, ૧૬૩ ના અધિકારો ભોગવવા માટેના અધિકારો આપવામાં આવે છે.

હવે પછી ચૂંટણી અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ, ઝોનલ અધિકારીશ્રીઓ ખાસ ઝોનલ અધિકારીશ્રીઓ, રિઝર્વ ઝોનલ અધિકારીશ્રીઓ અને મદદનીશ ઝોનલ અધિકારીશ્રીની નિમણૂંકોમાં ફેરબદલી સુધારા થાય તો તે બદલીથી આવનાર અધિકારીશ્રીઓને પણ આ હુકમ આપોઆપ લાગુ પડશે.

ઉકત હુકમ ચૂંટણી પુર્ણ થાય ત્યાં સુધી એટલે કે, તા.૦૧/૦૮/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

આજ તા. ૧૫ /૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

પ્રવીણ ચૌધરી,
જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.08.13 15:46:25 IST